ગાંધીનગર સમાચાર

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



અંકલે... મોદી છાપ પતંગ આપ્યો છે. અને કહ્યું કે એટલો ઊંચે જશે કે... ત્યાંથી બધા જ દેશ દેખાય...!!

# જિલ્લાની ૨૦૧ શાળાના ૩૬ હજાર બાળકોનું બાહ્ય મૂલ્યાંકન ગુણોત્સવ દરમિયાન કરાયું

### દશેલા, મહુન્દ્રા અને રાજપુરમાં જિલ્લાની ટીમ ગુણોત્સવ માટે પહોંચી : અડાલજમાં નવો ઓફિસ રૂમ જીએનએફસી દ્વારા નિર્મિત કરાયો : તારાપુરમાં સનદી અધિકારી સી.વી. સોમે બાળકોને ઈનામોનું વિતરણ કર્યું

ગાંધીનગર, તા. ૯
ગાંધીનગર જિલ્લામાં ૩૬ હજારથી વધુ બાળકોનું ૨૦૧ પ્રા. શાળાઓમાં બાહ્ય મૂલ્યાંકન ત્રિદિવસીય ગુણોત્સવ દરમ્યાન કરવામાં આવ્યું છે.





ત્રિદિવસીય ગુણોત્સવના આજના અંતિમ દિવસે આકસ્મિક રીતે જિલ્લા પ્રા. શાસનાધિકારી નટવરસિંહ રાઠોડ તથા નાયબ જિલ્લા પ્રા. શાસનાધિકારી સંજયભાઈ પરમારની ટીમે ગાંધીનગર તાલુકાની રાજપુર, મહુન્દ્રા અને દશેલાની પ્રા. શાળામાં ગુણોત્સવ દરમ્યાન હાજરી આપી હતી.

આજે ત્રીજા દિવસે જિલ્લામાં ૬૮ શાળાઓમાં બાહ્ય મૂલ્યાંકન થયું હતું. જિલ્લામાં ગુણોત્સવ દરમ્યાન ૧,૧૮,૧૩૪ બાળકોનું આંતરિક મૂલ્યાંકન અને બાહ્ય મૂલ્યાંકન કરાયું છે. જિલ્લામાં આમ તો ત્રિદિવસીય ગુણોત્સવમાં ૨૧૦ શાળાઓ આવરી લેવાનું આયોજન કરાયું હતું પરંતુ ૨૦૧ શાળાઓ આવરી લેવામાં આવી હતી.

આજે રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારી શ્રી સી.વી. સોમે ગાંધીનગર તાલુકાના તારાપુર ગામે ગુણોત્સવમાં હાજરી આપી હતી. તેમણે આ ગુણોત્સવ દરમ્યાન બાળકોને ઈનામો આપી પ્રોત્સાહિત કર્યા હતા. આ ઉપરાંત ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર ગાંધીનગર તાલુકાના વડોદરા ગામે ગુણોત્સવમાં જોડાયા હતા.

જિલ્લામાં ત્રિદિવસીય ગુણોત્સવમાં પ્રથમ દિવસે ૬૬ શાળાઓ, દ્વિતીય દિને ૬૭ અને તૃતિય દિને ૬૮ શાળાઓમાં બાહ્ય મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. જ્યારે ૪૯૩ શાળાઓમાં આંતરિક મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

આ ત્રિદિવસીય ગુણોત્સવ દરમ્યાન સરકારના સાહસ જી.એન.એફ.સી. દ્વારા અડાલજ કન્યા શાળામાં ઓફિસરૂમ નવીન બનાવી આપવામાં આવ્યો હતો તેનું રાજીવકુમાર ગુપ્તાએ લોકાર્પણ કર્યું છે. તો ગાંધીનગર તાલુકાની કોબા ગ્રામપંચાયતે કોબા અને જુના કોબાની શાળાને ૩-૩ કોમ્પ્યુટરની ભેટ આપી છે. આ ગુણોત્સવમાં ૪૭૦૦ જેટલા શિક્ષકો જોડાયા હતા.

જિલ્લાની આકસ્મિક ટીમ દ્વારા ૨૬ શાળાઓમાં ગુણોત્સવનું વિશેષ મોનીટરીંગ કરવામાં આવ્યું હતું જે ઉલ્લેખનીય છે. આ વખતે ગુણોત્સવમાં સારૂ પરિણામ આવવાનો વિશ્વાસ શિક્ષણ વિભાગના અધિકારીઓ વ્યક્ત કરી રહ્યા છે.

## ખૂણે ખાંચરેથી...

● કડી સર્વ વિશ્વ વિદ્યાલયના તેજસ્વી છાત્રોને સન્માનિત કરવાનો સમારોહ ૧૨મી જાન્યુઆરીએ યોજાશે.

● ગાંધીનગર શહેરના પ્રા. શિક્ષણાધિકારી અસ્મિતાબેન દવેના નિવૃત્ત સમારોહમાં પૂર્વ વિદ્યાર્થીઓએ હાજરી આપી તેને અવિસ્મરણીય બનાવ્યો હતો.

● સે. ૨૮ની જીઆઈડીસીમાં સવારે ૯ વાગે મૂક-બધિર બાળકોનો તેમજ વૃદ્ધાશ્રમના વડીલો અને અંધ તેમજ ડભોડા ભિક્ષુક ગૃહના બાળકોનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવેલ છે.

● ઠંડી ઘટતાં શહેરમાં હવે મોર્નિંગ વોકર્સની સંખ્યામાં ક્રમશઃ ઘટાડો જોવા મળી રહ્યો છે.

● ગાંધીનગર શહેરમાં ગતિ મર્યાદાના કરાયેલા આદેશોનું અમલ કરાવવાની માંગ તીવ્ર બની રહી છે.

● ગાંધીનગર શહેરમાં હવામાન પલ્ટાતાં જ મચ્છરોનું આગમન થયાની વાતો લોકજીભે ચર્ચામાં આવી છે.

● શહેરના આંતરિક માર્ગોની સફાઈ અભિયાન તાકીદે હાથ ધરાય તેવી તીવ્ર લાગણી નગરજનો ધરાવી રહ્યા છે.

## નેશનલ હાઈવે નં. ૮ પર વલાદ પાસે હીટ એન્ડ રન

### અજાણ્યા ટ્રકની ટક્કરે બાઈકચાલક યુવાનનું મૃત્યુ : અકસ્માત બાદ ટ્રક સાથે આરોપી ફરાર

ગાંધીનગર, તા. ૯
નેશનલ હાઈવે નં. ૮ પર વલાદ ગામની સીમમાં ગઈ મોડી સાંજે એક હીટ એન્ડ રનનો કેસ બનવા પામ્યો હતો. બેફામ ગતિએ નિકળેલા અજાણ્યા ટ્રકે એક બાઈકને અડફેટે લઈ લેતા બે યુવાનો ઘાયલ થયા હતા. જે પૈકી એકનું સારવાર દરમ્યાન કરૂણ મૃત્યુ નિપજ્યું હતું. ડભોડા પોલીસે અજાણ્યા ટ્રકચાલક સામે ગુનો દાખલ કરીને ઊંડી તપાસ શરૂ કરી છે.

નેશનલ હાઈવે નં. ૮ પર વલાદ ગામની સીમમાં ઈમ્પ્લે કંપનીના ગેટ સામે ગઈ મોડી સાંજે માતેલા સાંઢની માફક નિકળેલા ટ્રકચાલકે એક બાઈકને અફડેફે લઈ લીધુ હતુ અને પળવારમાં જ ત્યાંથી રફફુચક્કર થઈ ગયો હતો. લવારપુર ગામના ઘનશ્યામભાઈ હિરાલાલ પટેલ અને કિશનભાઈ બી. પટેલ બંને બાઈક પર જઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા ટ્રકે ટક્કર મારી હતી. બંને યુવાનો ઘાયલ થયા હતા. જેમાં ઘનશ્યામભાઈ પટેલનું સારવાર દરમ્યાન કમકમાટીભર્યુ મૃત્યુ નિપજ્યું હતું. જ્યારે કિશનભાઈને ફેક્ચર થઈ ગયેલું છે. ડભોડા પોલીસે અજાણ્યા ટ્રકચાલક સામે ગુનો દાખલ કરી ટ્રક નંબર અને તેના ડ્રાઈવર સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે.

## આજે એકતા લાઈન ખાતે વિવિધ સંસ્થાઓના લાભાર્થીઓનો ભોજન સમારંભ

ગાંધીનગર, તા. ૯
ગાંધીનગરના સે. ૨૮માં જીઆઈડીસી એન્જિનીયરીંગ એસ્ટેટ ખાતેની એકતા લાઈન દ્વારા તા. ૧૦મી જાન્યુઆરી રવિવારે શહેરના વૃદ્ધાશ્રમો, વિકલાંગ બાળકો, અંધજન મંડળના બાળકો તથા બ્હેરા-મૂંગા શાળાના બાળકો માટે ભોજન સમારંભનું આયોજન કર્યું છે. આ કાર્યક્રમમાં સે. ૧૬ની અંધશાળાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરાશે.

એકતા લાઈનના પ્લોટના ઉદ્યોગકાર મિત્રો દ્વારા શહેરની ૧૩ જેટલી સંસ્થાઓ જેમાં કૈલાસધામ વૃદ્ધાશ્રમ, આમ્રપાલી વૃદ્ધાશ્રમ, બ્હેરા-મૂંગા બાળકો, રાહેલબા વૃદ્ધાશ્રમ, માનસિક રીતે વિશીષ્ટ બાળકો, ભિક્ષુક ગૃહ, ઓમ્બ્ઝેર્વેશન ગૃહના બાળકો, અંધજન બાળકો, સ્પેશિયલ ચિલ્ડ્રન હોમના બાળકો, અનાથ બાળકો, હોસ્ટેલની દિકરીઓ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## આજે નારાયણી હાઈટસ ખાતે પજામા પાર્ટી

ગાંધીનગર, તા.૯
ગાંધીનગર નજીકના ભાટ ગામે આવેલ નારાયણી હાઈટસ ખાતે તા. ૧૦મી જાન્યુઆરી રવિવારે સવારે ૯ થી બપોરના ૨ કલાક દરમિયાન ઉત્તરાયણ નિમિત્તે 'પજામા પાર્ટી'નું આયોજન કરવામાં આવ્યું છે. ઉત્તરાયણ એ મોજ મસ્તીનો તહેવાર છે તેને અનુલક્ષીને નારાયણી હાઈટસ દ્વારા મસ્તીભર્યો માહોલ સર્જતી પજામા પાર્ટીનું આયોજન કરાયું છે. આ પાર્ટીમાં પતંગ ઉડાડવા સાથે લંચ અને વિવિધ રમતો, ડીજે મ્યુઝિક, ખજાનો શોધ જેવી સ્પર્ધાનું પણ આયોજન કરાયું છે. આ પાર્ટી માટે ડ્રેસ કોડ નાઈટ વેર રાખવામાં આવ્યો છે.

# રાષ્ટ્રનિર્માણમાં યુવાનોના યોગદાન વિષયે જિલ્લાકક્ષાની વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

### નેહેરુ યુવા કેન્દ્ર દ્વારા એનએસએસ અને યુવા દિશા કેન્દ્રના સહયોગથી અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજ ખાતે સ્પર્ધાનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૯
આગામી પ્રજાસત્તાક દિનને અનુલક્ષીને નેહરુ યુવા કેન્દ્ર દ્વારા એનએસએસ તથા યુવા દિશા કેન્દ્રના સહયોગથી સે. ૨૩માં અશ્વિનભાઈ



પટેલ કોમર્સ કોલેજ ખાતે જિલ્લાકક્ષાની વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધાનો વિષય ''રાષ્ટ્રનિર્માણમાં યુવાનોનું યોગદાન'' હતો. જે માટે સ્પર્ધકોએ જુસ્સાભર્યા વ્યક્તવ્યો રજૂ કરી સમગ્ર માહોલને જીવંત બનાવી દીધો હતો.

સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે વિજેતા સ્પર્ધક ગાયત્રી પંચાલે ખૂબજ આત્મવિશ્વાસ સાથે પોતાનું વક્તવ્ય પ્રસ્તુત કર્યું હતું જેમાં તેમણે રાષ્ટ્રનિર્માણના આઝાદીની લડતથી માંડીને તાજેતરમાં પઠાણકોટ ખાતે થયેલા ત્રાસવાદી હૂમલામાં શહીદ થયેલા દેશના સપૂત યુવાનોના યોગદાન સુધીની બાબતોનો સમાવેશ કરી લીધો હતો. વળી, દેશના નિર્માણમાં દરેક ક્ષેત્રમાં યુવાનોના ફાળા તથા ભવિષ્યમાં યુવાનો દેશને કેવી રીતે રાહ ચીંધી શકે છે તે અંગે પણ તેમણે ચિંતનાત્મક બાબતો આવરી લીધી હતી. સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે વિજેતાને રૂપિયા પાંચ હજાર, દ્વિતીય ક્રમાંકે વિજેતાને રૂપિયા ત્રણ હજાર અને તૃતીય વિજેતાને રૂપિયા એક હજારનો પુરસ્કાર નેહરુ યુવા કેન્દ્ર દ્વારા જાહેર કરાયો હતો. સ્પર્ધામાં અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજના પ્રાધ્યાપકોએ નિર્ણાયક તરીકે સેવાઓ આપી હતી. સ્પર્ધાના આયોજનમાં નેહરુ યુવા કેન્દ્રના યુથ કો-ઓર્ડિનેટર રજનીકાંત સુથારે જહેમત ઉઠાવી હતી. તેમણે સ્પર્ધકોને ઘણી ઉપયોગી સૂચનો આપી રાજ્ય કક્ષાએ સારૂ પ્રદર્શન કરવા શુભેચ્છાઓ પાઠવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ સ્પર્ધાના વિજેતા રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.



## એસ.ટી. ડેપોમાંથી બે મહિલા પીક પોકેટર રંગે હાથ ઝડપાઈ

ગાંધીનગર એસ.ટી. ડેપોમાંથી આજે બે મહિલા પીક પોકેટર્સને પકડી લેવામાં આવી હતી. મહેસાણાની યુવતી ગાંધીનગર-મહેસાણા રૂટની એસ.ટી. બસમાં બેસવા જતી હતી ત્યારે તેના પાકીટને ચોરતા રંગે હાથ બંનેને પકડી લેવાઈ હતી. ભીડભાડનો લાભ લઈને બંને મહિલાઓ તક મળતા જ મુસાફરનું પાકીટ સેરવી લેતા હતા. કોઈને શક ન જાય તે માટે એકાદ વર્ષના માસુમ બાળકને પણ ખભે રાખીને મહિલા ફરતી હતી. પાકીટમાં રૂ. ૧૧૨૦ રોકડા તથા એટીએમ કાર્ડ હતું. પોલીસને ઘટનાની જાણ કરાતા પોલીસ બંનેને લઈને સે-૭ પોલીસ મથકે લઈ ગઈ હતી.

## પોર ગામમાં બાંધકામ સાઈટ પર એલસીબીનો દરોડો

ગાંધીનગર એલસીબીની ટીમે સરગાસણ ગામની સીમ ગણાતા પોર ગામની એક બાંધકામ સાઈટ ઉપર દરોડો પાડયો હતો. વૃંદાવન વાટીકા સ્કીમનાં કન્સ્ટ્રકશનનું કામ ચાલુ હતુ ત્યાં સાઈટ પર કામ કરી રહેલા મજુરોનું રજસ્ટર નિભાવવામાં આવ્યું ન હોવા ઉપરાંત મજુરોની યાદી સ્થાનિક પોલીસ મથકે પહોંચાડવામાં આવી ન હોવાનું ધ્યાને આવતા જાહેરનામા ભંગ બદલ કોન્ટ્રાટર નિલેશભાઈ પ્રહલાદભાઈ પટેલ સામે ગુનો દાખલ કરીને એલસીબીએ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પરંપરાગત વાનગીઓની જાણકારી આજની પેઢીને મળે તે ખૂબ જરૂરી : રાજ્યપાલ

ગાંધીનગર, તા. ૯
રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીએ જણાવ્યું છે કે, શહેરીકરણ, વ્યસ્તજીવન અને સમયના અભાવને લઈ આપણી ભોજન પદ્ધતિમાં મોટો બદલાવ આવ્યો છે. ત્યારે, આપણી પરંપરાગત આરોગ્યપ્રદ એવી સાત્વિક વાનગીઓ વિસરાય રહી છે, ત્યારે સ્વાસ્થ્યને ખૂબ અનુકૂળ એવી વાનગી આહારની જાણકારી આજની નવી પેઢીને મળે તે ખૂબ જ જરૂરી છે.

અમદાવાદ આઈ. આઈ. એમ. ખાતે સૃષ્ટિ, ગ્લાન, નીફ અને આઈઆઈએમના સહયોગથી ત્રણ દિવસ ચાલનારા સાત્વિક પારંપરિક વ્યંજન મહોત્સવને રાજ્યપાલશ્રીએ ખુલ્લો મુક્યો હતો.

પ્રાસંગિક ઉદ્બોધન રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, પરંપરાગત જૈવિક આહાર-વાનગીઓને પ્રોત્સાહન આપી નવી પેઢી સુધી પહોંચાડવાનો આ પ્રયાસ આવકારદાયક છે. આ માટે આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, ફાસ્ટ ફૂડનો સ્વાદ અપનાવી રહેલી આજની યુવા પેઢીથી પારંપરિક વાનગીઓ વિસરાય રહી છે. આમ છતાં પારંપરિક વાનગીઓ આપણા સમાજ અને સંસ્કૃતિની ઓળખ બની રહી છે.

આ પ્રસંગે વિસરાતી જતી વાનગીઓની યોજાયેલી હરિફાઈના વિજેતાઓને રાજ્યપાલશ્રીએ પ્રમાણપત્ર આપી સન્માનિત કર્યા હતા. તેમજ સાત્વિક મહોત્સવના સ્ટોલની મુલાકાત લઈ પારંપરિક વાનગીઓની વિશિષ્ટતાઓ અને તૈયાર કરવા અંગેની માહિતી મેળવી હતી.

આ પ્રસંગે આઈ.આઈ.એમ.ના નિયામકશ્રી આશિષ નંદા, સૃષ્ટિના સંયોજક પ્રો. અનિલ ગુપ્તા, શ્રી રમેશ પટેલ તથા શ્રી કુલદિપ માથુર સહિત વાનગી રસિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# કડી સ્કુલ પાસેથી બાઈક ચોરી જનાર શખ્સ ઝડપાયો

### અઠવાડીયા પહેલા ઉઠાંતરી કરી હોવાની સેકટર-૨૪નાં શખ્સની કબુલાત

ગાંધીનગર, તા.૯
ગાંધીનગર શહેરના સેકટર-૨૩ ખાતે સ્થિત કડી સ્કુલ પાસેથી થયેલી બાઈક ચોરીનો ભેદ ગાંધીનગર એલસીબીની ટીમે ઉકેલ્યો છે. અઠવાડીયા પહેલા સેકટર-૨૪ ડબલડેકર ખાતે રહેતા શખ્સે સી.ડી. ૧૦૦ બાઈકની ઉઠાંતરી કરી હતી. આરોપીની ધરપકડ કરી એલસીબીની ટીમે કાયદેસરની કાર્યવાહી કરીને સે-૨૧ પોલીસને સોંપી દીધો છે.

મળતી માહિતી મુજબ સેકટર-૨૩ કડી સ્કુલ પાસેથી એક અઠવાડીયા પહેલા સી.ડી.-૧૦૦ ડીલક્ષ બાઈકની ચોરી થવા પામી હતી. વાહનચોરીને અટકાવવા તથા વાહનચોરો પકડવા એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવે આપેલી સુચના



અનુસંધાને એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની ટીમ તે દિશામાં સક્રિય થઈ હતી. દરમિયાન પીએસઆઈ એન.એન. ચાવડા તથા સ્ટાફના એએસઆઈ અબ્બાસખાન, હે.કો. સંદિપકુમાર, કીરીટભાઈ સહિતના માણસો શહેરમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે બાતમી મળી હતી કે આદીવાડા તરફથી એક વ્યકિત શંકાસ્પદ રીતે બાઈક લઈને નીકળ્યો છે જેને આધારે તેને રોકી પુછપરછ કરતા સે-૨૪ ડબલડેકર મકાન નં. ૨૩૮માં રહેતો જીજ્ઞેશ સુરેશભાઈ પટેલ ચોરીના બાઈક સાથે નીકળ્યો હોવાનું બહાર આવ્યું હતું. સે-૨૩ કડી સ્કુલ પાસેથી અઠવાડીયા પહેલા તેણે બાઈકની ઉઠાંતરી કરી હોવાની કબુલાત કરતાં તેની ધરપકડ કરી સે-૨૧ પોલીસને સોંપી દેવામાં આવ્યો છે.



સેક્ટર-૧૩/સી ખાતે ગોપી મહિલા મંડળ દ્વારા શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન કરાયું. આ પ્રસંગે ભગવાનને અન્નકોટનો પ્રસાદ ધરાવવામાં આવ્યો હતો તેમજ નાના ભૂલકાંઓ દ્વારા ગોવર્ધન પર્વત ઉઠાવવાનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો તે પ્રસંગની તસવીર.
(તસવીર : કશ્યપ નિમાવત)